Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૯૧ ( ચાલુ ) વીર સં. ૨૫૧૨
વિક્રમ સંવત જેઠ ૨૦૪૨

## પદ ૩

### પ. પૂ. આનંદઘનજી મહારાજ સાહેબ

તજ મત કુમતા કુટિલ કો સંગ,
જાકી સંગતેં કુબુદ્ધિ ઉપજત હૈં, પડત ભજનમેં ભંગ તજ૦ (૧)

કોવેકું કયા કપુર ચુગાવત, શ્વાનહો ન્હાવત ગંગ,
ખરકું કીના અરગજા લેપન, મર્કટ આભૂષણુ અંગ તજ૦ (૨)

કડા ભયો પયપાન પિલાવત, વિષ હુ ન તજત ભુજંગ,
આનન્દઘન પ્રભુ કાલી કાંબલીયા, ચઢત ન દુજો રંગ તજ૦ (૩)

અહીં કુમતિવાળા અને કુટિલ મનુષ્યોની સંગતિનો ત્યાગ કરવાની હિત શિક્ષા દર્શાવી છે.

કાળી કાંબળીને બીજો રંગ ચઢતો નથી– એમ શ્રી આનન્દઘનજી ઉપદેશે છે.

દુર્ભવ્ય અને અભવ્યને ધર્મની વાત રુચતી નથી. દુર્ધ્યાનથી અને કુસંગતિથી શુભ ધ્યાનમાંથી ભ્રષ્ટ થવાય છે. તેથી અધ્યાત્મ-જ્ઞાનીઓએ નાસ્તિક-શઠ મનુષ્યોથી દૂર રહેવું જોઈએ.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૮૩ ] જુન–૧૯૮૬ [ અંક : ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | અન્તરાત્માને નિર્દેશ | ફતેહચંદ ઝવેરભાઈ શાહ | ૧૦૯ |
| (૨) | જીવન-કલા | — | ૧૧૦ |
| (૩) | સામાજિક કાર્યો માટે મળેલ ભેટનો ઉપયોગ કઈ રીતે | પૂજ્ય ગાંધીજી | ૧૧૧ |
| (૪) | કાંટાં રખાની જોડી | સી. રાજગોપાલાચારી | ૧૧૩ |
| (૫) | ધર્માભાસ | રતિલાલ માણેકચંદ શાહ | ૧૧૫ |
| (૬) | સુખી થવાની કળા | પ. પૂ. શ્રી કુંદકુંદવિજયજી મ. સા. | ૧૧૭ |
| (૭) | ભક્તિ વિણ નહિ મુક્તિ | રમેશ લાલજી ગાલા | ૧૧૮ |
| (૮) | સત્ય શું ? એ શી રીતે મળે ? | પ. પૂ. હેમચંદ્રાચાર્ય | ૧૨૦ |
| (૯) | રણવીર | — | ૧૨૧ |
| (૧૦) | સમક્તિ | સંકલન : હીરાલાલ બી. શાહ | ૧૨૩ |
| (૧૧) | આપણે ઉપકાર કરીને ભુલી જવું | વિનુભાઈ ગુલાબચંદ શાહ | ૧૨૪ |



## આ સભાના નવા આજીવન સભ્યો

## (૧) શ્રી હીરાલાલ જમનાદાસ શાહ-ભાવનગર

## (૨) શ્રી મહીપતરાય જમનાદાસ શાહ–ભાવનગર

## (૩) શ્રી રજનીકાન્ત બાબુલાલ શાહ–ભાવનગર

જેઠ સુદ ૧ રવિવાર

## શ્રી આત્માનંદ સભાની વર્ષગાંઠ

નિયત કાર્યક્રમ મુજબ શ્રી તાલધ્વજગિરિ પર તીર્થંકર ભગવાન શ્રી સુમતિનાથના દર્શન અને પૂજાની ઝંખના સભાના સભ્યોને હૃદયે વસી હતી, સવારના ૯-૧૦ સુધીમાં સારી સંખ્યામાં સભ્યો હાજર થઈ ગયા. ચા-પાણી પતાવીને સહુ ઉલ્લાસ અને ઉમંગભર પૂજા કરવા પહોંચી ગયા. શ્રી પાર્શ્વનાથ પ્રભુ તથા શ્રી સુમતિનાથ પ્રભુની પૂજા કરી, સ્નાત્રમાં હાજર થઇ ગયા. પછી ખૂબ આનંદ અને ભક્તિપૂર્વક પૂજાનો લાભ લીધો. દુનિયાની જંજાળમાંથી એક દિવસ તો છૂટયા—અને ભક્તિનો લાભ સારો મળ્યો—તેથી પુનિત અને ધન્ય દિવસ સહુએ માન્યો. આ રીતે બીજી યાત્રા વખતે સારી સંખ્યામાં સભ્યો હાજર રહે તેવી નમ્ર વિનંતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત

વર્ષ : ૮૩] વિ. સં. ૨૦૪૨ જેઠ : જુન-૧૯૮૬ [અંક : ૮


આનંદઘન જીવન પ્રગટાવવા

## ✠ અન્તરાત્માને નિર્દેશ ✠

લેખક : ફતેહચંદ ઝવેરભાઇ શાહ

કષ્ટોતણાં નિર્માણથી અભિભૂત થઈ ગભરાય શું ?
શ્રદ્ધાવડે સંસારચીલો કાપતા કરમાય શું ?
આવી મળે જે જે પ્રસંગો અશુભ કે શુભને વિષે,
કરી તુલ્યવૃત્તિ શાંતિથી કર ચિત્ત સંયમ દશા દિશે.

ના તુચ્છ તું ! નથી દીન તું ! સામર્થ્ય તારૂં જો રહ્યું,
સંતપ્ત કાં કર ચિત્ત ત્હારૂં ! આયુ નિષ્ફળ જો વહ્યું,
નિર્લેપ બનવા મોહજલ સંપર્કથી તૈયાર થઇ,
શુભ સાધવા સાક્ષી બની દુર્વાસના જીતી લઇ.

એકત્ર કરવા તે બળો જે ક્ષુદ્ર ઇચ્છાના હતા,
ઇંદ્રિય તણા ચાંચલ્યથી જે છિન્ન ભિન્ન થયા હતા,
સંયમ કરી તું યોજ તે સમ્યક્ત્વ દૃષ્ટિમાં હવે,
રોળાય તારા ચરણમાં અધ્યાત્મની સિદ્ધિ જવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન-કલા

જગતમાં સાધન-સામગ્રી પૂરતાં પ્રમાણમાં છે. જીવનમાં અવસર અને જીવનના સાધનો પ્રાયઃ સહુ માટે સમાન છે. કેટલાક લોકો મળેલ અવસરને સોનેરી અવસર બનાવી દે છે. સાધનોને મહાન ઉપકરણ રૂપ બનાવી લે છે અને જીવનને સફળતાના શિખર પર લઈ જાય છે. કેટલાક લોકો સોનેરી તકને મિટ્ટીમાં મીલાવી દે છે.

એક ગાડીમાં ત્રણ મુસાફર સફર કરી રહ્યા હતા. એક ભારતીય, એક જાપાની, એક ચીની. રસ્તામાં એક સ્ટેશન આવ્યું. ત્રણે જણે શેરડીનો એક એક ટૂકડો ખરીદ્યો.

ભારતીયે શેરડીના ટૂકડા કરી, ચૂસી તના છોતાં ડબ્બામાંજ ફેંકી દીધા. ડબ્બામાં ગંદકી ફેલાઈ માખીઓ બણબણવા લાગી.

જાપાનીએ ચાકૂ વડે શેરડી છોલી, ટૂકડા કર્યા ચૂસી અને છોતા વગેરે એક કાગળના ટૂકડામાં પડીકું બનાવી ડબ્બામાં મૂકી દીધું.

ચીનાએ ચાકૂ કાઢયું. શેરડી છોલી, છીલકા ઉતારી જુદા રાખી દીધાં. શેરડીના ટૂકડા ચૂસ્યા અને છોતા કચરાના ડબ્બામાં નાખી દીધા. પછી બેગમાંથી રંગની પ્યાલીયો કાઢી, છીલકાને રંગ્યા. તરકીબથી કાપીને સરખા કર્યા, અને એક સરસ પંખો બનાવ્યો. બીજું સ્ટેશન આવ્યું ત્યારે તે પંખો એક રૂપિયામાં વેચી દીધો. શેરડી ખરીદી હતી ફક્ત ૨૦ પૈસામાં. શેરડી ખાધી અને છિલકાંના એક રૂપિયો ઉપજાવ્યો.

જીવન કલા અસારમાંથી સાર ખેંચવાનું શિખવે છે. નિરૂપયોગી અને બેકારને પણ ઉપયોગી બનાવવું—તે જીવન કલા. પત્નીનો એક ટાણો તુલસીદાસે સાંભળ્યો અને ભોગીમાથી યોગી બની ગયા.

પત્નીની હંસી અને આંસૂ સહુ જુવે છે પણ સુભદ્રાના એક આંસૂ દેખીને, ધન્નાજી ભોગોની વિષમ જાળમાંથી નીકળી યોગની નૌકા ઉપર આરૂઢ થઈ ગયા. મડદું તો સહુ જુવે છે પણ સિદ્ધાર્થકુમારે એક મડદું જોયુ અને જીવનની અસારતાનો બોધ પામી, સાધના માટે નીકળી પડયા.

કલકત્તામાં એક નિવૃત્ત ન્યાયાધીશ સાંજે ફરવા નીકળ્યા હતા. ઝુંપડી પાસે આવેલ એક બુઢાએ પુત્રીને અવાજ દીધો, "બેટી! સંધ્યા થયાને કેટલો સમય વીતા ગયો. હજુ સુધી તેં દીવા પ્રકટાવ્યા નથી."

ન્યાયાધીશે ચિંતનમાં ડૂબકી મારી, "મારા જીવનમાં સંધ્યા ઢળ્યાને કેટલોય સમય વીતી ગયો છે. હજુ મેં પણ દીપક પ્રગટાવ્યો નથી."

જીવનમાં પરિવર્તન આવ્યું. ઘરની જવાબદારી પુત્રોને સોંપી સંન્યસ્ત સ્વીકારી લીધું.

'જૈન જગત'ના સૌજન્યથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સામાજિક કાર્યો માટે મળેલ— —ભેટનો ઉપયોગ કઇ રીતે ?

● પૂજ્ય ગાંધીજી ●

બોર-વિગ્રહ પૂર્ણ થયો હતો. યુદ્ધ-ફરજમાંથી મુક્ત બન્યો હતો. મને લાગ્યું કે ભારત મને બોલાવી રહેલ છે. મિત્રો પણ આગ્રહ કરી રહ્યાં છે. રખેને અહીં વધુ રહેવાથી મારૂં કાર્ય પૈસો બનાવવામાં ઝુકી પડે !

તેથી મેં સહકાર્યકરોને મને મુક્ત કરવા વિનંતી કરી. ઘણી મુશ્કેલી બાદ મારી માગણી એક શરતે માન્ય રહી— જો સમાજને જરૂર પડે તો મારે ફરી આફ્રીકા જવું. શરત કપરી હતી છતાં સ્નેહ-બંધને મારી પાસે તે શરત માન્ય રખાવી.

"ઈશ્વરે મને સ્નેહ તંતુથી બાંધી છે. અને હું તેની બંદી છું —મીરાબાઈ.

મારે માટે પણ આ સ્નેહ-તંતુ તોડવાનું અશકય હતું. આ વખતે હું ફક્ત નાતાલના સંપર્કમાં હતો. નાતાલનાજ હિન્દીઓએ મને પ્રેમ અમૃતથી નવડાવી દીધો હતો. વિદાય-સભાઓ ઠેર ઠેર યોજવામાં આવી. કીંમતી ભેટો મને ધરવામાં આવી. આ ભેટોમાં સોનું, ચાંદી ઉપરાંત હીરા જડિત વસ્તુઓ પણ હતી.

આ સ્વીકારવાનો મને શો અધિકાર ? સ્વીકારીને હું એમ કહી શકું કે મેં વળતર વિના સેવા આપી છે ? મારા અસીલોની ભેટ સિવાય તમામ ભેટો સમાજની સેવા માટે હતી.

એક હારની કિંમત પચાસ ગીની થતી હતી–અને તે હાર મારી પત્ની માટે હતો. તે ભેટ પણ પ્રજાકીય કાર્યને લઈને હતી. તેથી તેને બીજાથી અલગ ન પાડી શકાય. જે સાંજે આવી ભેટો મને મળી તે રાતે મને ઊંઘ ન આવી. બેચેન મને મેં રૂમમાં આંટા માર્યા કર્યા; પણ ઉકેલ ન સૂઝ્યો. ભેટો જતી કરવી તે પણ મુશ્કેલ હતું અને તે રાખવી પણ તેટલુંજ મુશ્કેલ હતુ.

જો હું રાખું તો મારા બાળકો અને મારી પત્નીને શુ લાગે ? તેઓને સંપૂર્ણ સાદગીના પંથની તાલીમ અપાતી હતી. સેવાનું વળતર ફક્ત સેવા જ.

મારા ઘરમાં કીમતી અલંકાર ન હતા. અમારૂં જીવન સાદાઇના પથે સરતુ હતું. તો પછી અમારી પાસે સોનાની ઘડિયાળ કેમ હોઇ શકે ? અમે સોનાના હાર કેમ પહેરી શકીએ ? હીરાની વીંટીઓ કેમ પહેરાય ? બીજી બાજું હું ઝવેરાતના આકર્ષણ પર વિજય મેળવો તેમ ઉપદેશ આપતો હતો. તો હવે આ ઝવેરાતનું મારે શું કરવું ?

મેં નક્કી કર્યું કે આ ભેટો હું ન રાખી શકું. મેં એક ટ્રસ્ટી મંડળનો ડ્રાફ્ટ તૈયાર કર્યો, તેમાં રૂસ્તમજી પારસી અને બીજાને ટ્રસ્ટી તરીકે નીમ્યાં. બીજી સવારે મારી પત્ની અને સંતાનો સાથે ચર્ચા વિમર્ષ કર્યો અને છેવટે આ ભારે બોજમાંથી મુક્ત બન્યો.

બાળકોએ મારી દરખાસ્ત સહેલાઇથી સ્વીકારી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લીધી. તેઓએ કહ્યું, "આ કીમતી ભેટોની આપણે જરૂર નથી આપણે તે સમાજને પાછી સોંપવી જોઇએ. જરૂર પડશે તો આપણે સહેલાઈથી ખરીદી શકશું." હું ખૂબ ખુશ થયો. "હવે તમે તમારી માતાને સમજાવશો ને ?-મેં કહ્યું.

તેઓએ કહ્યું, "ચોક્કસ. આ અમારૂં કાર્ય. તેમને અલંકાર પહેરવાની જરૂર નથી. અમારે માટે તેમને રાખવાની પણ જરૂર નથી. જ્યારે અમારે જરૂર નથી ત્યારે તેમણે તે જતાં કરવામાં શા માટે ના પાડવી પડે ?"

પણ બોલવું સહેલું છે, કરવું અઘરૂં છે. મારી પત્નીએ કહ્યું, "તમારે ભલેને જરૂર ન હોય. તમારા બાળકોને પણ જરૂર ન હોય. આપની શેહમાં, ભલે આપનાં સૂરમાં સૂર પુરાવે હું પહેરૂં તેમાં આપની પરવાનગી ન જ મળે પણ મારી પુત્ર-વધૂઓ માટે શું ? તેમને તો જરૂર હોય જ. કોને ખબર કાલે શું બને ? પ્રેમ પૂર્વક અપાયેલ ભેટ જતી કરવામાં હું છેલ્લી જ રહઇશ."

આ પ્રમાણે દલીલોનો ધોધ વહેતો બન્યો અને છેવટે તેમાં અશ્રુધારા પણ ભળી. પણ બાળકો મક્કમ હતાં અને હું અડગ હતો. મેં નરમાશથી કહ્યુ, "બાળકોને તો હજુ હવે પરણાવવાના છે. તેમને નાની વયમાં આપણે પરણાવવા માગતા નથી જ. જ્યારે તેઓ મોટા થશે ત્યારે તેઓ પોતાનું સંભાળી લેશે. વળી આપણાં પુત્રો માટે આપણે અલંકારોની શોખીની પત્નીઓ લાવવા માગતા નથી. એમ છતાં જ્યારે જરૂરત ઉભી થશે ત્યારે હું તો છું જ. ત્યારે તમે મને કહી શકશો."

શું હું તમને પૂછું ? હું આપને બરાબર ઓળખું છું. તમે મારા દાગીના પડાવી લીધા. તમે મને તેની સાથે પણ શાંતિમાં રહેવા ન દો. તમે પુત્રવધૂઓ માટે અલંકાર લાવી રહ્યા હોય તેવી કલ્પના પણ હું કેમ કરી શકું ? તમે તો અત્યારથી મારા પુત્રોને સાધુ બનાવી રહ્યા છો. નહિ, અલંકારો પાછા નહીંજ અપાય. વળી મારા હાર ઉપર આપનો શો અધિકાર ?

મેં જવાબ આપ્યો, "શું તે હાર તમને મારી સેવા બદલ કે તમારી સેવા માટે અપાયો છે ?"

"કબુલ. તમે કરેલ સેવા-એ મેં કરેલ સેવા બરાબર છે. મેં રાત દિવસ આપને માટે શ્રમ ઉઠાવ્યો છે. મારા ઉપર કામનો ઢગલો ખડકયો છે, અને મને અશ્રુઓ સારતી બનાવી છે. આ બધું મેં આપની સેવા ખાતર કર્યું છે."

તે ધારદાર વચનો હતા. કેટલાક હૃદય સોંસરવા પણ નીકળી ગયા. પણ મેં તો અલંકાર પાછા આપવાનો નિર્ણય લીધો હતો. છેવટે એક યા બીજી રીતે તેમને સમજાવવામાં મને સફળતા મળી. ૧૮૯૬ થી ૧૯૦૧ સુધીમાં મળેલી બધી ભેટો સુપ્રત કરવાંમાં આવી. 'ટ્રસ્ટ-ડીડ' તૈયાર કરવામાં આવ્યું. બેંકમાં થાપણ રૂપે મુકવામાં આવ્યા. તેનો ઉપયોગ મારી ઇચ્છા મુજબ કે ટ્રસ્ટીઓની ઈચ્છા મુજબ સમાજ માટે વાપરવાનું નક્કી કરવામાં આવ્યું.

આ નિર્ણયનો મને કદી પસ્તાવો થયો નથી અને મારી પત્નીને પણ તેમાંજ ડહાપણ છે તેમ સમજાયું. આ નિર્ણયે અમને ઘણાં પ્રલોભનોમાંથી બચાવી લીધાં છે.

હું મારો સ્પષ્ટ મત છે કે પ્રજાકીય કાર્યકર્તાએ કદી કીંમતી ભેટ સ્વીકારવી જોઇએ નહિ.

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.

-તંત્રી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

A Pair of Sandals

# કાંટાં રખાળી જોડી

લેખક : સી. રાજગોપાલાચારી

માનયનપુર દુષ્કાળ ગ્રસ્ત ગામ. તેમાં અર્ધ ભુખ્યા રહેતા ચમારોનો વસવાટ. મોચીના ધંધાથી નિર્વાહ ચલવે. પણ તે ગામમાં આજુ-બાજુના ગામોનું હટાણું સારું. તેથી સત્તાધીશોએ તાડીની દુકાનની પરવાનગી આપેલ. આ મોચીઓની વસાહત વાળું ગામડું તાડીના છકંજામાં ફસાયેલું.

દુષ્કાળ રાહત માટે ત્યાં કેન્દ્ર અમે સ્થાપ્યું. અમારા આગ્રહને વશ બની તેઓએ તાડી નહી પીવાની પ્રતિજ્ઞા લીધેલ. તેઓએ તે વચન પાળ્યુ પણ ખરૂં.

એક વખત મારી કુટિર પાસે મોચી લોકો સાથે મુનિમ આવ્યો. ગુરૂવારે આશ્રમ પાસેથી અર્ધી કિંમતે અનાજ તેમને મળતું. મેં પુછ્યું, "શું બન્યું છે?

"કશુ નહિ તેઓએ આજે તાડી પીધી છે. અમે આપને તેની તપાસ કરવા વિનંતી કરવા આવ્યા છીએ."

આ વખતે હું અન્ય મંડળોને પત્ર લખવાના કામમાં હતો.

મેં અધીરતાથી કહ્યું. "આજે જો તમે તાડીના પૈસા ભર્યા હોય તો તેમ અર્થ નીકળે કે તમે બઝાર ભાવે અનાજ ખરીદવાના પૈસા ધરાવો છો. હવે અમે રાહત બંધ કરી દઈએ તમે પીવા ઇચ્છતા હો તો તેમ કરો."

મેં પૂછ્યું, "ગુન્હેગાર કોણ કોણ છે?

મુનિમે કહ્યુ, "બે માણસો."

"તેઓ અહિં છે?"

"તેમાંનો એક છે. બીજો અનાજ લેવા આવ્યો નથી પણ તેની પત્ની અનાજ માટે આવી છે."

"શુ તેઓએ ગુન્હો કબૂલ્યો છે?"

"તે ગઈ રાત્રે ઢીંચીને આવેલ અને તેની પત્ની સાથે કંકાસ કરતો હતો. આખું ગામ જાણે છે. તેઓએ ગુન્હો કબૂલવો જોઈએ."

મેં કહ્યું, "તેઓ શું કહે છે?

ગુન્હેગારે કહ્યું, "ગઈ કાલે હું મારી પત્ની સાથે કજિયો કરતો હતો—તે વાત સાચી, શું માણસ પોતાની પત્ની સાથે કલહ ન કરી શકે? પરણિત જીવનમાં શું આવુ ન બને?

"તેં તાડી ઢીંચી છે કે નહિ, કે આરોપ ખોટો છે કે નહિ તેટલુંજ જણાવ, તમારામાંનો એક પણ તાડી ખરીદે તો અમારે આખા ગામ માટેની રાહત બંધ કરવી પડે"

તેણે કહ્યું, "તે વાત જુઠી છે!"

મેં કહ્યું, "બીજાઓ શું કહે છે?"

તેઓએ કહ્યું કે તે વાત સાચી છે. બન્ને કંકાસ કરતા હતા. પણ પીધા-બાબત અમે કશું જાણતા નથી.

મેં ગુન્હેગારને પૂછ્યું, "તો પછી મુનિએ તારા પર જ કેમ આરોપ મૂકયો? શું તેને તારા પ્રત્યે અભાવ કે કોઈ ગ્રંથી છે?"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેણે કહ્યું, હા, છે જ; કારણ કે ટેકરી પર કામ કરવા ગયેલા છે તેઓનું અનાજ ટિકિટ પર લેવામાં આવે છે- તે વાત મેં ખુલ્લી પાડી છે."

મેં મુનિમને કહ્યું. "આમ છે ખરૂં ?"

મુનિમે કહ્યું, આ વૃદ્ધ પુરૂષને પૂછો કે તેના પુત્રે તાડી પીધી છે કે નહિ. તે ગુન્હેગારનો પિતા છે અને મારા પિતાનો ભાઈ છે! એનો શબ્દ પ્રશ્નની પતાવટ કરે."

મેં તે વૃદ્ધને કહ્યું, શું તારે પુત્રે તાડી પીધી હતી ?"

"તે કજિયો કરતો હતો-તે વાત સાચી."

"અરે તેણે તાડી પીધી હતી કે નહિ ? તે વૃદ્ધે કહ્યું, "ના, તેણે તાડી નથી પીધી. ફક્ત તકરાર ચાલતી હતી."

મુનિમે કહ્યું, તે વાત તેને સોગંદ પૂર્વક કહેવાનું કહો."

મેં કહ્યું, "આપ સહુ આ વૃદ્ધના સોગંદ પર કીધેલા શબ્દો સ્વીકારશો ?,'

તેઓએ સંમત્તિ આપી.

કેવી રીતે અને કયાં સોગંદ લેવરાવવા તેની મારા મનમાં ગડમથલ ચાલી. તેઓ બોલેલ વાતમાં ફરી બેસે. એવી મને શ્રદ્ધા ન હતી. વૃદ્ધે પોતાના પુત્રની તરફેણમાંજ ટેકો આપ્યો હતો. હવે ખાલી વિધિ પતાવી, વાત પર પડદો પાડી દેવાનું મને મન થયું. મારાં બાર વર્ષના બેરિસ્ટરના અનુભવ એ તરફજ ઢળતા હતા. જ્યારે આ ઉપર હું વિચારતો હતો ત્યારે મારી નજર નીચે પડેલા મારા 'સેન્ડલ' પર પડી. મેં વૃદ્ધને બોલાવ્યો.

"તમે બધાં ચામડા દ્વારા જીવન નિર્વાહ કરો છો, ખરૂં ને ?

"હા"

"આ રહ્યું ચામડું જે તમને પોષે છે. તેને તમારા બન્ને હાથમાં લો." મેં તેને મારા સેન્ડલ બતાવ્યા.

તેણે તે હાથમાં લીધા.

હવે હું બોલું તેમ બોલો—ઈશ્વરની સાક્ષીએ, ચામડાના સોગંદ પૂર્વક કહું છું.—

તે પ્રમાણે તે બોલ્યો.

મેં પૂછ્યું, "તારા પુત્રે તાડી પીધી હતી ?"

વૃદ્ધ પુરુષે તરતજ એકરાર કર્યો અને માગ તરફ પહોળી આંખે જોઈ રહ્યો.

મારો શ્વાસ થંભી ગયો. કયારેક ચમત્કાર બને છે પણ આ ચમત્કારે તો મને આંજી દીધો.

મેં યુવાનને કહ્યું, "ઉપર મુજબ તૂં સોગંદ લેશે ને ?.

મેં માનેલું કે તે પોતાની મૂળ વાતને વળગી રહેશે.

તેણે સેન્ડલ ઉપાડયા અને કહ્યું, "હા, મેં તાડી પીધી હતી." આ રીતે ન ભૂલાય તેવો પ્રસંગ પતી ગયો.

એ વખતે મારા કાંટા રખા મને મૂક રીતે કહેતા હતા, "ના, તમે શ્રદ્ધામાં ડગમગી ગયા હતા-તે ભલ હતી. સત્ય અને માન (અહોભાવ) મૃત્યુ પામતા જ નથી."

ખરેખર કાંટા રખા ફક્ત ઉપયોગીજ ચીજ નથી પણ તેઓ ગરીબ મોચીઓ માટે 'રોટલો અને શ્રદ્ધા'નું પ્રતીક છે. દરેક માનવીએ તે પહેરીને ધીમેથી તેમજ માનભરી લાગણી ધરાવી ચાલવું ઘટે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ધર્માભાસ

લે. રતિલાલ માણેકચંદ શાહ
નડીઆદ

સત્ પુરુષો કહી ગયા છે કે, ભગવાન આત્માને બહારમાં ઢુંઢવાની જરૂર નથી, તેતો તમારી ભીતરમાંજ રહેલો છે; તે દેહરૂપી મંદિરમાં અખંડ, આનંદ, જ્ઞાન, સુખમાં બિરાજેલો છે કારણ કે તે તેના ગુણો છે. ભગવાનને બહારમાં શોધવો તે માનવીની મૂર્ખતા છે; તમારો આત્મા જ ભગવાન છે; તેનું તમોને દર્શન થયું નથી એટલે તેના પ્રત્યે તમોને શંકા છે અને દેહનેજ 'હું' માની રહ્યા છો, ખરેખર હું એટલે આત્મા અને આત્મા એટલે ભગવાન; આત્મામાં જે મૂળ ગુણો પડયા છે; તેનું પ્રગટીકરણ કરીએ એટલે આપણે પણ ભગવાન. જે જે ભગવંતો થયા તે પહેલાં આપણા જેવાજ ભટકતા આત્માઓ હતા, તેઓએ પ્રથમ સમક્તિ પ્રાદુર્ભૂત કર્યું અને આત્માને આત્માથી ઓળખી તેમાં પુરુષાર્થ તેમજ વીર્યને ફોરવતાં, સ્વસ્વરૂપમાં રમમાણ રહી રાગ-દ્વષને વિલીન કરી કેવળજ્ઞાનનો આવિષ્કાર કર્યો અને પ્રભુતાનું પ્રગટીકરણ કર્યું, તે પ્રમાણેનો પુરુષાર્થ આપણે જો આચરીએ તો આપણે પણ પૂર્ણતાને પામીએ જે નિઃશંક હકીકત છે. પ્રભુતા પ્રાપ્ત કરવા માટે બીજો કોઈ રાહ નથી તેમજ તે કોઈનો ઈજારો નથી. અધમમાં અધમ માનવી પણ જો વિભાવમાંથી સ્વભાવમાં આવે, અને વીતરાગ ભગવંતે બતાવેલ આધ્યાત્મિક પથ પ્રયાણ કરે તો તે પણ પૂર્ણતાને પામી શકે છે.

"તુંજ તે છો" તે જેવો છે તેવો જાણી સુખી થા, 'મત્વા ધીરો હર્ષ શોકૌ જહાતિ' તે ભગવાનને જાણી ધીર પુરુષ રાગ-દ્વેષ તજે છે, તે નિત્યાનિત્ય છે, અવિનાશી છે, અચળ છે, સનાતન છે.

કસ્તુરી મૃગની નાભિમાં છે, છતાં સુવાસ કયાંથી આવે છે, તેની તેને સમજ નથી તેથી તે મેળવવા જ્યાં ત્યાં ઝાંવા નાખે છે અને માથા પટકી મરે છે, તે કેવળ તેની ભ્રાંતિજ છે, છે પોતાનામાં અને તેને શોધે બહાર તો તે મલે ખરી? કયાંથી મલે. એજ પ્રમાણે પોતે આનંદ જ્ઞાન-સુખ રૂપ હોવા છતાં અજ્ઞાનતાને વશ વર્તી બહારના પદાર્થો જેવા કે, સ્ત્રી-દ્રવ્ય-વાડી ગાડી -બાગ-બગિચા-બંગલા, કુટુંબ, પરિવારાદિમાંથી સુખ શોધતો ભમ્યા કરે છે; અને છેવટે થાય છે દુઃખનો અનુભવ એટલે પસ્તાય છે; પેલા મૃગની જેમ આપણે સંસારરૂપી જંગલમાં વિષયરૂપી કાંટાઓમાં સુગંધરૂપી સુખ શોધીએ છીએ અને છેવટે દુઃખી થઈએ છીએ.

અજ્ઞાનદશા એજ સંસાર સાગરમાં ડુબકીઓ ખાવાનું મુખ્ય કારણ છે, તે દૃષ્ટાંત દ્વારા અત્રે સમજાવવામાં આવે છે. એક ધોબી તળાવના આરે લૂંગડાં ધોઈ રહ્યો હતો, તે જગ્યાએ એક વૃક્ષ હતું, તેના પર સમડીએ માળો બાંધ્યો હતો; તે માળમાં સમડીએ હીરા-માણેક જડીત સુવર્ણનો હાર, જે રાજાની રાણી અગાસીમાં સ્નાન કરી રહી હતી તેણે સ્નાન કરતી વખતે ગળામાંથી કાઢી બાજુમાં મૂકયો હતો તે ઉપાડી લાવી માળામાં મૂકયો હતો, તેનું પ્રતિબિંબ પાણીમાં પડી રહ્યું હતું. તે દૃશ્ય જોઇને, ધોબીને લાગ્યું કે, હીરા-માણેક જડીત સુવર્ણ હાર પાણીના તળીએ પડેલો છે. તે કાઢવા માટે તેણે અથાક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રયત્ન કર્યો પણ તે હાર તે મેળવી શકયો નહિ. છતાં મેળવવાનો પ્રયત્ન ચાલુજ હતો. સાંજ પડી તે દરમ્યાન એક સંત ત્યાં પધાર્યા, તેમણે ધોબીને પૂછયું કે, આ શું કરી રહ્યા છો? ધોબી બોલ્યો : હાર જે પાણીને તળીએ પડેલો છે તે કાઢી રહ્યો છું. સંત નિરીક્ષણ કર્યું અને ધોબીને કહ્યું, હાર પાણીમાં નથી, તે તો વૃક્ષ પરના સમડીના માળામાં છે. તને જે દેખાય છે; તે તો તેનું પ્રતિબિંબ છે; આખી જીંદગી સુધી આ પ્રમાણે કર્યા કરીશ તો પણ હાર તો તારા હાથમાં આવશે નહિ. જે વસ્તુ જ્યાં હોય ત્યાં તેને શોધવામાં આવે તો જરૂર મલે, માટે ઝાડ પર ચઢ અને માળામાંથી તે મેળવ, તે વૃક્ષ પર ચડયો અને માળામાંથી હાર લઇ આવ્યો. તે પ્રમાણે વિવેકી સજ્જનો! આત્મતત્ત્વરૂપી રત્ન જે પોતાનામાંજ છે. એટલે જો તે ત્યા શોધે તો જ તે ત્યાંથી મલે તેમ છે, બહાર શોધતા તે કદી પણ મલે નહિ.

ચેતનના ધર્મો ચેતનમાં છે (ગુણો), જડના ગુણો જડમાં છે (ધર્મો) એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ; માટે આત્માના ગુણો દેહમાંથી પ્રગટે નહિ, ગમે તેટલી કોશિશ કરવામાં આવે છતાં દેહ તો જડ છે, તેને કાંઇ સમજ નથી, તે કાંઇ જાણતું નથી, જાણનાર, દેખનાર તો અંદર બેઠો છે, ત્યાં તેને શોધો. કર્તા ભોક્તા (સંસારીપણામાં) પણ તેજ છે. જે કાંઇ ગણો તે 'તેજ' છે માટે તેને ઓળખો, તેને શ્રધ્ધો અને તેનું પ્રગટીકરણ કરે. એટકે કે જ્ઞાનદર્શન, ચારિત્રનું પ્રગટીકરણ કરો આજ આધ્યાત્મિક રાહ છે, પથ છે, ધોરી માર્ગ છે. બીજો કોઈ રાહ નથી, પથ નથી. માટે સત્ય સમજી એ સત્ય આચરીએ અને સત્યમાં શ્રદ્ધા રાખી આગળ વધીએ. ધર્મ બહારમાં નથી તે તો કેવળ ધર્માભાસ છે. ધર્મને બહાર ન ઢુંઢો અંદર ખોજ કરો જરૂર મળશે પ્રયત્ન કરો, પુરૂષાર્થ આચરો આત્માની અનુભુતિ કરો, સમકિત પ્રાદુર્ભૂત કરો, આત્માના ગુણોનું પ્રગટીકરણ કરો, અને તે પથ પર આગળ બઢતા છેવટે કેવળજ્ઞાનનો આવિષ્કાર કરો અમે પુર્ણતાને પામો. કરવા જેવું જે કાંઇ છે તે આજ છે, બીજું ફેફાં ખાંડવા જેવું છે. કાંઈ હાથ લાગશે નહિ, આ શાસ્ત્રોનો સાર છે.

હે જીવ! ત્હારા શરીરરૂપ વાવડીમાં આયુષ્યરૂપ જલને કાળ (દિવસ-રાત) રૂપ અરઘટ્ટ પ્રતિ સમય ક્ષણે ક્ષણે ઉલેચી જ રહેલ છે, તો હવે તું નિશ્ચે કાળક્રમે એક ક્ષણે અવશ્ય મરણ પામવાનો જ છે. તો જ્યાં સુધીમાં તું નિરાબાધ જીવન જીવી રહેલ છે, ત્યાં સુધીમાં પુણ્યનું ભાથું બાંધી લે, જેથી કદાચિત્ ઓચિંતો મરણરૂપ વિદાય લેવાનો અવસર આવે તો ત્હને જરા પણ દુઃખ ન થાય !!!

હે પુણ્યાત્મન્! હવે તો તું જરા બોધ પામ! હવે તો આ જગતના પદાર્થોની માયા મમતા મૂક! જાણી જોઇને, હાથે કરીને તું શા માટે ત્હારા આત્માને પ્રમાદ-વનમાં ભટકાવે છે? જો તું હમણાં નહિં સમજે તો નિશ્ચે ભવાંતરમાં તું ઘણા દુખોનો પાત્ર-ભાજન બનીશ. જે દુઃખોને ભોગવતાં ત્હારો તો દમજ નીકળી જશે, અને પસ્તાવાનો તો પાર જ નહિ રહે! માટે હજુ પણ ચેત ?!!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુખી થવાની કળા

પૂ. મુનિરાજશ્રી કુંદકુંદવિજયજી મ. સાહેબ

એક નૃપતિ સભા ભરીને બેઠો હતો. કવિઓ યશોગાન કરતા હતા. નગરજનો અને સામંતોથી સભા ચિક્કાર હતી. એટલામાં સભામાં ચાર સાધકો આવ્યાં.

ઘણા સમયથી રાજા સાચા સાધકની શોધમાં હતો. વળી તે સત્સંગ-પ્રેમી હતો તેણે સાધકોનું ઉચિત સન્માન કર્યું. બેસવાને આસન આપ્યાં. યથાવિધિ વંદના કરી રાજાએ પ્રાર્થના કરી.

"આપના આગમનથી સભા પાવન થઇ. આપને કોઈ વસ્તુની જરૂરત હોય તો આજ્ઞા કરો."

પ્રથમ સાધકે કહ્યું, "રાજન્ ! અમને કોઇને કોઈ આપનાર મળી રહે છે. આપ આપો તોયે ઠીક" ને ન આપો તોયે ઠીક. 'તો આપ એ બતાવો' રાજાએ પૂછ્યું, "આપ આ દુઃખી દુનિયામાં સુખ કેવી રીતે માની રહ્યા છો ?"

"મારા સુખમાં અંતરાય કરનારને કોઈ પણ ભોગે પીસી નાખીને મારા હક્કનું સુખ મેળવી લઉં છું." પહેલા સાધકે જણાવ્યું.

રાજાએ કહ્યું, "આપને કશું મળી શકશે નહિ."

ઉપર મુજબ બીજા સાધકને પૂછવામાં આવ્યું તેણે કહ્યું, "મારા અધિકારના સુખમાં અંતરાય નાખનારને હું ઘઉંમાંના કાંકરાની જેમ વીણી વીણીને દૂર કરૂં છું. તેથી મારા સુખમાં કદી ખામી આવતી નથી."

રાજાએ સાધકના ચરણમાં દશ રૂપિયા મૂકયા, અને કહ્યું, આપના માટે આટલું જ ઘણું છે."

ત્રીજા સાધકે તેજ પ્રશ્ન સાંભળી, ઉત્તર આપ્યો "હું દુઃખી સંસારને જ સુખ માનીને જીવું છું. ઘઉં મળે કે કાંકરા. જે મળે તેને પેટમાં પધરાવી આનંદ માનું છું. મારા અધિકારના સુખને હું બીજાની પાસેથી મનાવી પટાવી મેળવી લઉં છું."

રાજાએ તેના ચરણમાં એક સો રૂપિયા મુકયા.

પ્રણામ કરીને કહ્યું, "આપની જીવન ચર્યા આટલા મૂલ્યની છે."

રાજાએ ચોથા સાધકને પૂછ્યું, "મહાનુભાવ ! આપ જીવનમાં કેવી રીતે સુખ મેળવો છો ?"

"સાંભળો રાજન્ ! બીજા નંબરના સાધક કરતાં મારૂં જીવન ઉલ્ટું છે. તેઓ જ્યારે ઘઉંમાંથી કાંકરા વીણીને કાઢી નાખવામાં સુખ માને છે ત્યારે હું કાંકરામાં છૂટા છવાયા પડેલા

( અનુસંધાન પાના નંબર ૧૧૯ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 卐 ભક્તિ વિણ નહિ મુક્તિ 卐

લેખક . રમેશ લાલજી ગાલા–લાયજા મોટા

વિશ્વનાં સમસ્ત જીવો સુખ, શાંતિ ને સાહેબીને વધારે ઝંખે છે પણ પોતાના કરેલ કૃત્યોથી એને દિવસે ને દિવસે ઉલટું જ જોવા મળે છે તેથી નિર્બળ બનતો જાય છે અને પરાધીનતા ભોગવે છે. પણ જ્ઞાનીઓ કહે છે કે આવા સંજોગો હોવા છતાં જો માનવી પોતાની માણસાઈને ન છોડે તો કહે છે કે દેવતા પણ એને નમસ્કાર કરે છે કારણ ઉત્તરાંગ સૂત્રમાં કહ્યું છે કે જસ્સ ધમ્મે સયા મણો દેવાડપિ તં નમંસંતિ । એટલે કે દયાવંત. અહિંસાવંત, ધર્મવંત, લાગણીવંત વગેરે વિશેષણોવાળા મનુષ્યો પૂજક ગણાય છે પછી ભલે સાધુ હોય કે સંસારી.

અત્યારના સમયમાં માનવી પોતે નિર્ગુણી બની ગયો છે એટલે ન કરવા જેવું કરી નાખે છે એટલું જ નહિ પણ દુરાચાર ને ભ્રષ્ટાચાર આચરતો વધ ગયો છે સર્વ જીવોમાં જ્ઞાનમય, પ્રગતિશીલ જો કોઇ જીવ હોય તો પૃથ્વી ઉપર બે પગે ચાલનારો મનુષ્ય જ છે તે જ મનુષ્ય આજે પ્રગતિ ને બદલે અધોગતિ તરફ પ્રયાણ કરી રહ્યો છે.

શાસ્ત્રોમાં મનુષ્યને મોક્ષનો અધિકારી ગણ્યો છે કારણ દેવ નારક અને તિર્યંચ પોતાને ધર્મ માટેની હિત સામગ્રી-સામગ્રી ન મળવાને લીધે તેઓ વિશેષ ધર્મ આચરી શકતા નથી જ્યારે મનુષ્યને બધી સામગ્રી મળી હોવા છતાં શાંતિને માર્ગે જવાને બદલે સાંસારિક સુખો પાછળ દોટ મૂકી રહ્યો છે. પૂર્વાચાર્યો તો ચોખ્ખું કહી દીધુ છે કે જો ધર્મ મળ્યો હોવા છતાં જો સમજુ માનવી અધર્મ આચરશે તો તેના જેવો પાપી જીવ આ દુનિયામાં બીજો કોઇ હશે કે કેમ તે પ્રશ્ન થશે. સાંસારિક સુખોની તો ઘેલછા ભવ ભટકાવનાર થાય છે જ્યારે ધર્મ તરફની ઘેલછા ભટકાવનારને અટકાવે છે અને છેવટે સદ્‌ગતિ પણ અપાવે છે.

ધર્મ તરફ વિમુખ બનેલા માનવીને ઉપદેશકો ફરમાવે છે કે હે માનવી ! સમુદ્રની વચ્ચે પડેલા રત્ન ચિંતામણિ શોધવો મુશ્કેલ છે તેમ આ ભવસમુદ્રમાં પડી ગયેલા માનવ ભવને ફરી શોધવો મહા મુશ્કેલ છે માટે હે માનવી ! ચેત ! ચેત ! જરા ચેતીને ડગલાં માંડ. નહિં તો કાદવમાંથી બહાર નીકળવું ભારે પડશે જેમ નાનકડો શિયાળ જેવો પ્રાણી ઐરાવત જેવા મોટા હાથીને ઠગી મહા કીચડમાં ફેંકી દીધો એટલું જ નહિં પણ યમધામ પહોંચાડી દીધો. તો આપણને શું સાંસારિક લાલસા રૂપ શિયાળ માનવ રૂપ ઐરાવત હાથીને ભવરૂપ કાદવમાં ખુંચાવી નહિં મૂકે ? અને યમધામ રૂપ અધોગતિમાં નહિં પહોંચાડશે ?

આગમો કહે છે કે ઉત્તમ, ઉત્તમોત્તમ, મધ્યમ, વિમધ્યમ, અધમ અને અધમાધમ એમ છ પ્રકારના મનુષ્યમાંથી છેલ્લા બે પ્રકારના મનુષ્યોને છોડી દઈએ તો પણ પહેલા ચાર પ્રકારના મનુષ્યો ઉત્તરોત્તર સદાચારવાળા હોય છે પણ આજના કળિયુગના સમયમાં એક પણ એવો મનુષ્ય નથી કે જે મોક્ષનો અધિકારી હોય અર્થાત્ પરમશાંતિને પામી શકે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભૌતિકવાદના અભ્યાસીઓ આવતી કાલને તુચ્છ માની કહે છે કે આજે તો મઝા કરીએ કાલે કોણ દીઠી? એના અનુસંધાનમાં હિતકારીઓ કહે છે કે અરે ભલા! જેને તું માને છે તેમાં તું હાજર છે અને જેને નથી માનતો તેમાં પણ તું જ હાજર છે એમ સમજ. માટે સમયાનુસાર શુભ કાર્યો કરી પરમાર્થ શોધી લે. જેથી ભવિષ્યમાં કલ્યાણવંત થઈ શકે. વળી, હે માનવ! મહા પુન્યયોગે મળેલા માનવ દેહને વિસરી જઇશ તો ફરી તને આ માનવ દેહ મળવો મુશ્કેલ થશે. કારણ માનવી ધારે તો મુક્તિ અને ધારે તો નિગોદમાં પણ જઇ શકે આવી તાકાત અન્ય કોઇ પણ જીવોમાં નથી. માટે જ હે માનવી—

સમય મળ્યો છે સાધના માટે,
સાધવું હોય તે સાધ,
નહિં તો પસ્તાઇશ પાછળથી,
જયાં હશે અંધારૂં ગાઢ.

આવું અતિ સુંદર વાણીનું ઉપદેશ હોવા છતાં ભોગ વિલાસી માનવી સન્માર્ગને બદલે અસન્માર્ગે જઈ રહ્યો છે એ શું અનુચિત નથી? આજે એવા પણ ઠગી જીવો હોય છે. દેખાય છે કે પોતે શુભ કાર્યો કરી ન શકે અને જે કરતો હોય એને અટકાવવા જોરદાર પ્રયત્નો કરતો હોય અહીં પણ જ્ઞાની ભગવંતો કહે છે કે હે માનવી! તને જો ભવાતરે સુખ જ જોઇતુ હોય દુઃખ જરાય ગમતું ન હોય તો બીજા વડે કરાવાતા શુભકાર્યોમાં અંતરાય રૂપ ન થા નહિં તો આનું પરિણામ તને દુઃખમાં ભોગવવું પડશે. અને બીજા વડે કરાવાતા શુભ કાર્યોમાં જો તુ સાહાકરૂપ હોઈશ-રાજી હોઇશ-અનુમોદના કરીશ તો ચોક્કસ શુભ પરિણામોનો અધિકારી બનીશ. વધારે તો શું?

પરમશાંતિની ઝંખના તને રગેરગમાં હોય તો મહા પુરુષો વડે બતાવેલા માર્ગે ગમન કર. એ વગર તારું કલ્યાણ નથી નથી, ને નથી.

એક કવિએ પણ સાચુ કીધું છે કે....

જો તને જોઈએ પરમશાંતિ તો ભજી લે 'આત્માં'માં ભક્તિ.

---

(અનુસંધાન પાના નંબર ૧૧૭નું ચાલુ)

ઘઉંને વીણીને સુખ માનું છું. સુખ અને અધિકાર એ છીનવી લેવાને કે બળાત્કારે મેળવવાનો વિષય નથી. એટલું જ નહિ પણ એને દુનિયામાંથી ડૂબકી મારી સુખને શોધી લેવું પડે છે.

જન્મથી આજ સુધીમાં દુઃખ જ દુઃખ ભોગવતાં જેટલું સુખ અનાયાસે સાંપડી જાય તેને હું જીવનનો નફો માનું છું. જીવન વ્યાપારમાં ખોટ આવી પડે તો તે ભોગવી લેવામાં હું અનેરી લ્હેજ્જત માનું છું. આપની ભેટ મને જરૂરી નથી."

ચોથા સાધકના વાકયોથી રાજાને ઉંડી અસર થઇ, સિંહાસન પરથી ઉતરીને, તેના ચરણોમાં વંદન કર્યા. તેમને રાજગુરૂપદે સ્થાપ્યા.

બીજા ત્રણેય મનમાં કાંઇક બબડતા ત્યાંથી વિદાય થયા.

સુખ જોઇએ છે? તો તેને દુઃખમાંથી શોધી કાઢો. આ રીતે મળેલું સુખ અમૃત સમાન મીઠું છે માગીને કે ઉછીનું-ઉધાર મેળવેલું સુખ નિસ્તેજ છે. કોઇને દુઃખ આપી કે બળજબરીથી છીનવી લીધેલું સુખ મૃત છે, કડવું ઝેર જેવું છે. ત્યારે કોઇને હણીને મેળવેલું સુખ? એને જો સુખની સંજ્ઞા આપીશું તો પછી દુઃખ કોને કહીશું?

આ છે સુખ-દુઃખની સમસ્યા. તેને ઉકેલવી અઘરી છે. પણ સાચા ઉકેલ દ્વારા આંતર-સુખની છોળો બીજાને પણ સુખી બનાવશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય શું ? એ શી રીતે મળે ?

પ. પૂ. હેમચંદ્રાચાર્ય

સિદ્ધરાજે આ પ્રશ્ન પંડિતોને પૂછયો. દરેક પંડિત પોતપોતાના સંપ્રદાયની પ્રતિષ્ઠા સ્થાપવામાં તત્પર દેખાયો. એમને મન સત્ય માટે સંપ્રદાય નહિ, પણ સંપ્રદાય માટે સત્ય હતું.

ત્યારબાદ સિદ્ધરાજે પૂ. શ્રી હેમચંદ્રાચાર્યને આ વિષે પુછયું.

આચાર્ય ભગવંતે એક પૌરાણિક વાર્તા કહી, એ વસ્તુનું સુંદર રીતે દર્શન કરાવ્યું.

એક વખત કોઈ સ્ત્રીએ પોતાના પતિને બીજી સ્ત્રીના મોહપાશમાંથી વશ કરવા માટે, કોઈ તાંત્રિકની મદદથી, તેને બળદ બનાવી દીધો. પાછળથી એ વસ્તુનો પશ્ચાતાપ થયો, પણ તેનો કોઈ ઉપાય હાથ લાગ્યો નહિ. તેના વારણની તેને કોઈ ખબર ન હતી. સર્વ લોકો તેની નિંદા કરવા લાગ્યા.

એક વખત તે પોતાના બળદ-ધણીને ચારો ચરાવતી વૃક્ષની છાયામાં બેઠી હતી. એટલામાં ત્યાં શિવ-પાર્વતી નીકળ્યાં. પેલી સ્ત્રીને રોતી જોઈને પાર્વતીએ શંકરને તેનું કારણ પૂછયું. શંકરે બની હતી તે હકીકત કહી. પાર્વતીને દયા આવી. તેમણે શંકરને એ સ્ત્રીનો પતિ પાછો હતો તેવો કરી આપવા વિનંતી કરી. "તે ઝાડની છાયામાં જ બળદને પાછું પુરૂષપણું મળે તેવું ઔષધ છે"—એમ કહીને શંકર અંતર્ધાન થઈ ગયા.

પેલી બાઇએ તે સાંભળ્યું. પણ ઔષધ કયું છે-એની એને ખબર ન હતી. એણે એ છાયા ફરતી રેખા દોરી તેમાં જે ઘાસ હતું તે બળદને ખવરાવવા માંડયું. જ્યારે એમ કરતાં કરતાં, પેલું ઔષધ બળદના ખાવામાં આવ્યું ત્યારે તે પાછો પુરુષપણાને પામ્યો.

માણસને પણ પોતાને કયા ઔષધની અગત્ય છે, તેની ખબર નથી હોતી; એટલે સત્યનો માર્ગ ગૂઢ હોવાથી, જે માણસ સર્વ દર્શન પ્રત્યે સન્માન રાખે, તેને સત્ય મેળવવાના વધારે તક મળવાનો સંભવ છે.

એક તો સિદ્ધરાજ સ્વભાવથી સર્વ ધર્મ સમન્વયમાં માનનારો હતો. તેમાં પૂ. હેમચંદ્રાચાર્યના આ ઉપદેશે વધારે સમભાવી બનાવ્યો.

## સ્વર્ગવાસ નોંધ

શ્રી સાકરલાલ ગાંડાલાલ વેલાણી વરતેજવાળા મુંબઈ મુકામે તા. ૫-૬ ૧૯૮૯ના રોજ સ્વર્ગવાસી થયા છે. તેઓશ્રી આ સભાના માનવંતા પેટ્રન હતા. તેઓ આ સભાને ખુબજ સહાય્યરૂપ હતા. ધાર્મિક ભાવના જ્યારે તેઓ પુજા ભણાવતાં ત્યારે મહેંકી ઉઠતી. સદ્દગતના આત્મા ચિરસ્થાયી શાંતિ પામો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રણવીર

## શ્રી સુમતિનાથ ચરિત્ર

**આ** જંબૂદ્વીપના દક્ષિણાર્ધ મધ્ય ખંડમાં **અમરપુર** નામનું સમૃદ્ધનગર હતું. તેમાં શ્રી **જિનેશ્વર** દેવનું મંદિર ખૂબ શોભતું હતું. **રણમાલ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને **નીરશોભા** નામે પટ્ટરાણી હતી. તેને રણવીર નામે પુત્ર હતો.

તેનો એકજ દુર્ગુણ તમામ ગુણોને કલંકિત કરતો હતો. તે હતો જુગારનો શોખ. એક દિવસે રાજાએ તેને દ્યુત ન રમવાની સલાહ આપી. પણ નિર્વિવેકી જીવો વ્યસનોનો ત્યાગ કરી શકતા નથી.

જ્યારે રાજકુમારે જુગાર છોડયો નહિ ત્યારે રાજાએ પડહો વજડાવ્યો, "કોઈએ પણ દ્યુત રમવું નહિ."

એ સાંભળતાંજ રણવીરે માન્યું કે મારૂં અપમાન થઈ રહ્યુ છે. તરતજ તે એક ખડગ લઈને કોઇ ન જાણે તેમ ચાલી નીકળ્યો.

પરિભ્રમણ કરતાં રાજકુમારે, માર્ગમાં મુનિઓને ઉપદ્રવ કરતાં ચોર જોયાં.

કરુણાદ્ર રાજકુંવરે હુંકારો કરી, ચોરોને કહ્યું, "અરે દુષ્ટો! ઉભય લોકને વિરૂદ્ધ એવું આ શું માંડયું છે?"

પછી સંગ્રામ જામી પડયો. કેશરીસિંહ જેવા તેણે બધાંને નસાડી મૂકયા.

મુનિવરોને કુશળ માર્ગે લઈ આવ્યો.

મુનિવરોએ કહ્યું, "હે ભદ્ર! જીવનની અપેક્ષા રાખ્યા વિના તમે અમારૂં રક્ષણ કર્યું. તેથી તમારા આવા સચ્ચરિત્રથી થોડા કાળમાં સંપદાઓ પામશો."

પણ અમારે એક પ્રાર્થના કરવી છે.

રણવીર બોલ્યો, "હે ભગવન્! મને આદેશ કરો હું આપની શી સેવા કરૂં?"

મુનિવરો બોલ્યા, "પ્રાણાતિપાત વગેરે પાંચ આસ્રવોની નિવૃત્તિ કરો.

રણવીર બોલ્યો, "હે ભગવન્! ભારેકર્મી હું સર્વે આસ્રવોની નિવૃત્તિ તો નહીં કરી શકું. પણ પરસ્ત્રી વિરમણ સ્વરૂપ વિરતિ આજીવન પર્યંત અવશ્ય કરીશ."

મુનિવર બોલ્યા, "આ વ્રત પણ સકલ કલ્યાણ સંપદાઓનું કારણ છે, સંકટોને નિવારનારૂં છે. તથા સ્વર્ગ અને મોક્ષ સુખનું અદ્વિતીય હેતુ છે." ત્યારબાદ રણવીરે તે વ્રત અંગીકાર કર્યું અને મુનિવરોએ ઇષ્ટ સ્થાન પ્રતિ પ્રયાણ કર્યું.

અનુક્રમે રણવીર કોશલદેશના ભૂષણ સમાન શ્રીપુર નગરે પહોંચ્યો. રાજવી મહાસેન હતા. અહીં પણ જુગારમાં ફસાયો. ધન મેળવવા ૨૧ ક્રોડ સોનૈયાના સ્વામી શ્રીપુંજ શેઠને ત્યાં ખાતર પાડવા પ્રવેશ કર્યો. શેઠ હિસાબ તપાસતા-હતાં. પુત્ર બાજુમાં બેઠો હતો. હિસાબ ન મળતાં શેઠ પુત્રને ઠપકો આપતો હતો. પુત્ર મૌન રહ્યો. એટલે ગુસ્સામાં ચામડાની ચાબુક પુત્રની પીઠ પર મારીને કહ્યું, બોલ, હિસાબ કેમ મળતો નથી?"

આ દૃશ્ય જોઈ રણવીરે વિચાર્યું "આ લોભી" શેઠ, ધન માટે પુત્રને મારે છે. આવાનું ધન લેતાં તે કદાચ મૃત્યુ પામે!

ત્યારપછી તે લીલાવંતી વેશ્યાના મંદિરે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પહોંચ્યો દીપકના પ્રકાશમાં તેણે પરૂ ગળતાં કોઢીયા પુરૂષ સંગાથે સૂતેલી લીલાવતી વેશ્યા જોઇ.

કેવો ધનનો લોભ! પોતાના શરીરને ધન માટે તૃણ તુલ્ય માન્યું. "હું જો આનું ધન લુંટુ તો તેનુ હૃદય જ ફુટી જશે."

એમ વિચારી તે ઉદ્યાનમાં પહોંચ્યો. પાટલા ઘો લઇ રાજમંદિરે આવ્યો. ઘા કરી પાટલા ઘોને ફેંકી અને પછી દોરડાના આધારે ચઢીને ઝરૂખામાં પ્રવેશ્યો.

ત્યાં સૂતેલા રાજાએ માન્યું કે આ રાણી અન્યમાં આસક્ત છે. હવે જોઇએ શું બને છે. તેથી કપટ નિદ્રા કરી રાજા સૂતો રહ્યો.

રણવીરને જોતા જ રાણી, કામદેવના બાણથી વિંધાયેલી. આવનાર પુરુષ પર રાગિણી બની અને ભોગ-સુખ માટે પ્રાર્થના કરી અને પૂછ્યું "તમે કોણ છો"

રણવીરે કહ્યું, આ સમયે પરઘરમાં પ્રવેશનાર બીજો કોણ હોઈ શકે?"

રાણીએ માન્યું. "આ ચોર નથી. પણ કોઇ વિશિષ્ટ પુરૂષ છે." આજ પુરૂષ મારે માટે ઉત્તમ છે તેથી કામાવેશના કટક્ષો કુમાર પર ફેંકયા.

કુમારે પૂછ્યું, "આપ કોણ છો?"

રાણી બોલી, "હું અહીંના રાજાની વસંત સેના નામની પટ્ટરાણી છું."

કુમારે, સંવેગ ભાવથી ભવિત ચિત્તવાળા બની કહ્યું, "તમે મારી માતા તુલ્ય છે."

રાણીએ કહ્યું, "કેવી રીતે."

કુમારે કહ્યું, "પરસ્ત્રી વિરમણ વ્રત મેં ગુરૂ સમક્ષ સિદ્ધ પરમાત્માની સાક્ષીએ ગ્રહણ કરેલ છે તેથી પરસ્ત્રીઓ મારે માટે માતા સમાન છે.

રાણી બોલી, "જો તું આવો ધર્માર્થી છે તો ચોરી કેમ કરે છે?"

રણવીરે કહ્યું, "કર્મની પરિણતિ વિચિત્ર છે માટેજ માતાજી! આવું અકાર્ય કરવું પડે છે."

મહારાણીએ કહ્યું, મારી સાથે વિષય સુખ ભોગવ અન્યથા તું સંકટમાં પડીશ."

આ બધી વાત ગુપ્ત રીતે રાજાએ સાંભળી.

ત્યાર બાદ કામ વિવશ બનેલ રાણીએ વાળને વિખેરીને મોટા અવાજે આક્રંદ કર્યા.

"બચાવો, બચાવો."

પહેરગીરો જાગ્યા, રાજાએ આદેશ કર્યો, "દ્વારપાલો! આ ચોરને માર્યા વિના પકડો."

અનુક્રમે રાત્રિ પૂર્ણ થઈ. રાજસભાના સમયે રાજા સિંહાસન પર બિરાજમાન થયા. સભ્ય લોકો યોગ્ય સ્થાને બેઠા છે.

રાજાએ કોટવાલને આદેશ કર્યો, "ચોરને અહીં હાજર કરો."

કોટવાલ ચોરને તેડી લાવ્યો. ચોરને જોતાંજ રાજાએ વિચાર્યું, "આ કોઈ તેજસ્વી ઉત્તમ પુરૂષ છે. મંત્રીએ કહ્યું, "આવો ઉત્તમ પુરૂષ પણ શું ચોરી કરે છે?"

રાજાએ પૂછ્યું, "તમે કોણ છો?"

કુમાર બોલ્યો, "મને ઓળખીને આપને શું કામ છે?"

રાજા બોલ્યા, "પરસ્પર વિરુદ્ધ એવા તમારા ચરિત્રને જોઇને મને સંદેહ થાય છે માટે પૂછું છું."

કુમારે ચિંતવ્યું કે રાજાએ રાત્રિની તમામ વાત જાણી છે. પ્રથમ રાણીને અભયદાન અપાવ્યું પછી તમામ બીના કહી સંભળાવી.

રણવીરની વાત સાંભળી ખુશ થયેલા રાજાએ રણવીરને પુત્ર રૂપે સ્વીકાર્યો. અને મોટું રાજ્ય આપ્યું.

આ અવસરે રણવીર વિચારે છે કે સકલ જગતના જીવો ઉપર વાત્સલ્યવાળાઅને કરૂણામાં તત્પર એવા ગુરૂદેવે જે પરસ્ત્રી વિરમણ વ્રત કરાવેલ તેનું જ આ ફળ છે.

ચિંતામણી કામધેનું, કલ્પવૃક્ષ-વગેરે પુણ્યાનુ સારે જ સુખ આપે છે.

ગુરૂદેવ જ્યારે ઉભય લોકના સુખ આપનાર છે. તેથી ચિંતામણી કામધેનુ અને કલ્પવૃક્ષથી પણ ગુરૂદેવ ચઢીયાતાજ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " સમકિત "

સંકલન : શ્રી હીરાલાલ બી. શાહ

વ્રત-નિયમ, તપ, જપ આદિ ધર્મ ક્રિયાની સંપૂર્ણ સફળતાનો આધાર સમક્તિ ઉપર છે. સુદેવ, સુગુરૂ, અને સુધર્મ આ તત્ત્વ ત્રયીઉ પર જેમને અચલ અને અટલ વિશ્વાસ હોય, તેને સમક્તિવંત આત્મા કહેવાય. સમક્તિને બોધિ-બીજ પણ કહેવાય છે.

સર્વ દોષ રહિત અને વીતરાગ હોય તેને દેવ માનવા કંચન-કામિનીના ત્યાગી અને પાંચ મહાવ્રતોને ધારણ કરનાર ગુરૂ હોય તેમને ગુરુ માનવા. જેઓ વીતરાગ થયા છે અને તેજ વીતરાગ દેવે કહેલા સપૂર્ણ અહિંસક ધર્મને ધર્મ તરીકે સ્વીકારવો એવી જે અટલ શ્રદ્ધા તે સમક્તિ જાણવું.

આ સમક્તિ સંસાર-સમુદ્રને તરવામાં વહાણ સમાન છે. અને મોક્ષ-મહેલમાં પ્રવેશ કરવા દરવાજા સમાન છે,

ગ્રથિ ભેદ થતાં અનતાનુબંધીના ચાર કષાયો અને દર્શનમોહ એટલે સમક્તિ મોહનીય, મિશ્રમોહનીય, અને મિથ્યાત્વ મોહનીય મળી સાત કર્મ પ્રકૃતિના ક્ષય-ઉપશમ કે ક્ષયોપશમ થવાથી, તે તે પ્રકારના સમક્તિ ભાવની પ્રાપ્તિ થાય છે. સમક્તિ પ્રાપ્ત થતાં આત્મ-લક્ષ અને માર્ગ-દિશા નક્કી થાય છે.

જેમ આંખ પોતાને દર્પણ વિના જોઇ શકતી નથી તેમ આત્મા સમક્તિ વિના પોતાને સમજી શકતો નથી. સમક્તિ પામવાથી જીવ શુકલ પાક્ષિક બને છે. અને તે અવશ્ય અર્ધ પરાવર્તન કાળમાં મુક્તિ પામે છે. તે સમકિતની પાછળ જ્ઞાન અને ચારિત્ર અનુગામાથી થતાં મોક્ષમાર્ગ બને છે.

સમક્તિ-દૃષ્ટિ આત્મા પાપોના અલ્પ બંધ બાંધે છે. કુટુંબનું પ્રતિપાલન કરતો હોવા છતાં તે કુટુંબમાં ઓતપ્રોત બનતો નથી સમક્તિનો સહયોગ થતાં જીવના આચરણ અને જીવન સમ્યગ્ બને છે.

સમક્તિના પાંચ લક્ષણો છે. જેના વડે સમક્તિ ગુણ ઓળખાય છે તેને લક્ષણો કહેવાય છે.

પહેલું લક્ષણ "ઉપશમ" છે. જે ક્રોધના ત્યાગરૂપ હિતકારી લક્ષણ છે. જેથી અપરાધ કરનાર મનુષ્ય ઉપર પણ મનથી ખરાબ વિચારતા નથી અને સમતા રાખી તેનું હિત થાય તેમ વર્તે છે અથવા મધ્યસ્થ ભાવે વર્તે છે.

બીજું "સંવેગ" નામે લક્ષણ છે. જે દેવનું અને મનુષ્યનું સુખ પણ દુઃખરૂપ જાણે છે.

કેમકે તે સુખ પૌદ્‌ગલિક છે. તે સુખ અસાર અને ક્ષણભંગુર છે. જ્યારે મોક્ષનું સુખ અવ્યાબાધ, અક્ષય, અવિનાશી અને અનંત છે અને તેને જ એકાગ્ર મને ઇચ્છે છે.

ત્રીજું "નિર્વેદ" નામે લક્ષણ છે. સંસાર અસાર છે. રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ અને મોહાદિ વિભાવ જનિત જન્મ, જરા, મરણ, રોગ. શોક, વિયોગ, બંધન વિગેરે સંસાર દુઃખથી બંદિખાનાની જેમ ત્રાસ પામીને અને

( અનુંસધાન ટાઇટલ પેજ ૩ ઉપર જોઓ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "આપણે ઉપકાર કરીને ભૂલી જવું"

**ભા**વનગરની શ્રી જૈન આત્માનંદ સભા તથા શ્રી યશોવિજયજી ગ્રંથમાળાના ભૂતપૂર્વ પ્રમુખ, મહોદય પ્રેસના માલિક મારા બાપુજી સ્વ. ગુલાબચંદ લલુભાઈ શાહની તૃતીય પુણ્ય તિથિએ (૧૬-૬-'૮૬) **તેમના જીવનની સત્ય ઘટના સુજ્ઞ વાંચકોને પ્રેરણાદાયી નીવડશે એ હેતુથી લખવા પ્રેરાયો છું. વાત એમ છે કે આજથી લગભગ ૨૪ વર્ષ પહેલાં** કોટ ઉપાશ્રયમાં શ્રી ચિત્રભાનુ યાને મુનિ ચંદ્રપ્રભસાગરનું ચાતુર્માસ હતુ. તેમની સુંદર વ્યાખ્યાન શૈલી અને વ્યક્તિત્વે મુંબઈને ઘેલું કર્યું હતું.

મારા બાપુજી મુંબઈ આવેલ અને અમો બન્ને તેમનું પ્રવચન સાંભળવા ગયેલ, પ્રવચન પછી દેરાસરમાંથી નીચે ઉતરતાં દરવાજામાં એક સુંદર વસ્ત્ર પહેરેલ લગભગ ૫૦ વર્ષની ઉંમરના સજ્જન મારા બાપુજીના ચરણમાં મસ્તક નમાવીને નીચે ઝૂકી પડયાં. મારા બાપુજી કહે, 'ભાઇ આ શું કરો છો? હું તમને ઓળખતો નથી. તમે કાંઇ ભૂલ કરતાં લાગો છો.' તે ભાઈ બોલ્યા, 'વડીલ તમે મને કયાંથી ઓળખો? પણ તમારો મારા પર મોટો ઉપકાર છે. અને તે વાત નિરાંતે સાંભળવા આપશ્રી મારા ઘરે પધારો એજ વિનંતી.' મારા બાપુજીએ કહ્યું, 'કે ભાઇ અમો એક સ્નેહીની મોટરમાં આવ્યા છીએ, અને તેમને ત્યાં માટુંગા જમવા જવાનુ છે ને મુંબઈમાં સમય તો પાળવો જ પડે. 'છતાં, ચાલો તેમની ગાડીમાં બેસી દશ મીનીટ વાતો કરીએ' તે ભાઈએ કહ્યું, કે વડીલ આજથી લગભગ ૩૨ વર્ષ પહેલાં (૧૯૨૮) હું આપના ભાવનગરમાં આનંદ પ્રેસમાં નોકરી કરતો હતો અને લગભગ ત્રણ મહીના કમ્પોઝીટરનું કામ કરેલ અને ચાર રૂપિયા માસિક પગાર હતો. મારી બિધવા બા અને હું બેજ કુટુંબમાં હતા, સ્થિતિ ઘણીજ કફોડી હતી. એવામાં અમારા દૂરનાં સગાં મુંબઇથી ભાવનગર આવેલ. અને તેમણે મારી બાને સમજાવ્યું કે બાબુને મુંબઈ મોકલો તો તેને માટે પારસી અગર ખોજા ગૃહસ્થમાં નોકરી અપાવીશ. તેમને તે લોકો સાથે સારો સબંધ હતો. આ નોકરીમાં કોઇ દિવસ ઉંચો નહીં આવે? વળી જ્યાં સુધી કમાશે નહીં ત્યાં સુધી મારા ઘરે રહેવા જમવાની સગવડ કરી આપીશ. દૂરના સામાન્ય સ્થિતિના સગાં પણ એ જમાનામાં મદદ કરતાં. બહુ સમજાવટ પછી મારી બા કબૂલ થયા. મને પણ મુંબઇ જવાની ખૂબ ઉત્કંઠા થઈ, પણ જવાના પૈસા કયાંથી કાઢવા? તે વખતે મુંબઇનું રેલ્વે ભાડું લગભગ દશ રૂપિયા હતું. વળી તે દરમીયાન અમારી શેરીમાં રહેતાં એક લોહાણા ગૃહસ્થ મુંબઇથી આવેલ ને તેઓ પાયધુનીની આસપાસ રહેતાં હતાં. ને મારે ગુલાબવાડીમાં જવાનું હતું. તેઓ મારી બાને મળ્યાં અને સાચવીને લઇ જવાની ખાત્રી આપી. આવો સથવારો કેમ જવા દવાય? બે દિવસ પછી તે ભાઈ જવાના હતાં મેં બહુ વિચાર કરીને પ્રેસમાં બપોરના બાર વાગે બધા નોકરો જમવા જતા ત્યારે હિમ્મત કરીને તમારા ટેબલ પાસે ઉભો રહ્યો. આપે પૂછ્યું છોકરા કેમ ઉભો છો? શું કાંઈ કામ છે.? **જે હોય તે કહે. મે આપને મારી** વાત કરી અને બારેક રૂપિયા મળે તો મુંબઇનો ચાન્સ મળે તો મારી અને મારી બાની જિંદગી સુખી થાય. મારી વાત સાંભળી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપ બે મિનિટ મૌન થઈ ગયા. અને પછી મારી સામે જોઈને ઉભા થઈને ખિસ્સામાંથી બાર રૂપિયા આપે મને આપ્યા. અને કહ્યું કે જા તને ચાન્સ મળતો હોય તો રાજી થાઉં છું. હું આપને નમન કરીને જાતો હતો ત્યાં આપે મને પાછો બોલાવ્યો ને કહ્યું, 'કે ત્યાં પરચુરણ ખર્ચ માટે લે આ બે રૂપિયા રાખ. "માંગ્યા તા બાર ને મળ્યાં ચૌદ" તે બાબતે આપનો પગાર પણ ઘણો ટૂંકો હતો પણ આપે ગજબની ઉદારતા દેખાડી. ઉત્સાહથી ઘેર ગયો ને મારી બાને વાત કરી અને તે ભાઈ સાથે મુબઈ પણ આવી ગયો. વડીલ આજે હું એક પારસી ફર્મમાં સારા હોદ્દા પર છું તેનું બધું શ્રેય આપને છે. મારા બાપુજીએ કહ્યુ, "કે તમે સજ્જન છો અને ધર્મપ્રેમી છો. અને ઉપકાર ભૂલતાં નથી. તો ટૂંકમાં મને રાજી કરવો હોય તો તમને એટલું જ કહું કે "તમો પણ તમારી પાસે કોઈ નિરાધાર-દુઃખી નિઃસહાય મદદ માટે આવે તો યથાશક્તિ મદદ કરજો. સામી વ્યક્તિ આપણો ઉપકાર યાદ રાખે કે ન રાખે પણ **આપણે ઉપકાર કરીને ભૂલી જવું.**

આ શબ્દો સાથે છુટાં પડયાં ત્યારે તે ભાઈની આંખમાંથી પ્રેમના-આભારના અમૃતબિંદુ ટપકતાં હતાં.

લી. ચિનુભાઇ ગુલાબચંદ શાહ

---

( અનુસંધાન પાના નંબર ૧૨૩નું ચાલુ )

વીતરાગ કથિત ધર્મ તેમાંથી તારનારો છે એમ જાણીને તેજ ધર્મ વડે ભવભ્રમણથી છૂટવાને ઇચ્છે છે.

ચોથું લક્ષણ "અનુકંપા" છે. તે અનુકંપા એટલે દયા બે પ્રકારની છે. ૧. દ્રવ્ય દયા. ૨. ભાવદયા. દ્રવ્ય દયા એટલે દુઃખી, દીન, રોગી, શોકવાન જે પ્રાણીઓ હોય તેના તેવા પ્રકારના તમામ દુઃખો દૂર કરવાં તે છે. ભાવદયા એટલે ધર્મ રહિત પ્રાણી ધર્મ નહી કરે તો બીજી ગતિમાં દુઃખી થશે અને ધર્મ કરશે તો બીજી ગતિમાં સુખી થશે એવું ચિંતવે અને ધર્મથી પતિત પ્રાણીને ધર્મ વિષે સ્થિર કરે. આ રીતે યથા શક્તિ એ બંને પ્રકારની દયા કરવામાં ઉદ્યમ રાખે તેને "અનુકંપા" કહે છે.

પાચમું લક્ષણ "આસ્તિક્તા" નામે છે. વીતરાગ દેવે જે વચન ભાખ્યું છે તે જ સત્ય છે તેમાં કંઈ સંદેહ નથી. જિનેશ્વર ભગવાને ભાષેલા સર્વ વચનો અન્યથા ન જ હોય, સત્ય જ હોય, એવી બુદ્ધિ જેના મનને વિષે છે અને આવી દઢ આસ્તા એટલે શ્રદ્ધા જેને છે તેને "આસ્તિક્તા" કહે છે.

સમક્તિ બે પ્રકારથી ઉત્પન્ન થાય છે. ૧ નિસર્ગથી એટલે સહજ પરિણામ ભાત્રથી ઉત્પન્ન થાય છે. ૨ અધિગમથી એટલે સુગુરૂના ઉપદેશથી, જિનેશ્વર દેવની ભક્તિથી, સર્વજ્ઞ શાસ્ત્રના વાચન અને અભ્યાસથી ઉત્પન્ન થાય છે.

---

## ઘરમાંથી જીવ-જંતુઓને કેમ દૂર કરશો ?

૧. ઘરમાં વંદા હોય તો ચૂનાનો ટુકડો મૂકી રાખવો.
૨. ગરમ તાવડી ઉપર કપુર મૂકતા તેની ગંધથી મચ્છરોનો ત્રાસ દૂર થશે.
૩. કીડીઓના દર આગળ તમાકુનો ભુકો ભભરાવવાથી કીડીઓનો ત્રાસ જશે.
૪. ઉધઈ ન પડે તે માટે પુસ્તકોની આજુબાજુ તમાકુના પાંદડાં પાથરવા.
૫. રસોડામાં ખૂણેખાંચરે કે કબાટ-ગાદલામાં કંસારીઓ થતી હોય તો ત્યાં કપુર મૂકવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

## સંસ્કૃત ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ઠી શ્લાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શ્લાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦ ૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણુ કેવલી ભુક્તી પ્રકરણુ-મૂળ | ૧૦-૦૦ |
| જિનદત્તા આખ્યાન | ૮-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫-૦૦ |

## ગુજરાતી ગ્રંથો

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦ ૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫-૦૦ |
| ,, ,, ભાગ ૨ | ૩૫-૦૦ |

## ગુજરાતી ગ્રંથો

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શંત્રુજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૨-૫૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦ ૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકુ બાઈન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબીન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સુક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શંત્રુજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| ગુરૂભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only